ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ- એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧-ગ
સચિવાલય ગાંધીનગર
તા.૧૯/03/૨૦૨૦.

પરિપત્રઃ-

કોરોના વાયરસ COVID-19 ની ભવિષ્યની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમિક ડીસીઝ એક્ટ ૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંક એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧, તા.૧૩/03/૨૦૨૦ ના નોટીફિકેશનથી રાજ્યમાં "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" લાગુ કરવામાં આવેલ છે.

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના કારણે ઉભી થયેલ પરિસ્થિતિ ધ્યાને લઈ, દેશમાં તથા રાજ્યમાં જોવા મળેલ શંકાસ્પદ દર્દીઓની સંખ્યા જોતાં રાજ્યમાં અગમચેતીના પગલા રૂપે રાજ્ય સરકાર દ્વારા એપેડેમિક એક્ટ ૧૮૯૭ તેમજ તા.૧૩/03/૨૦૨૦ના નોટીફીકેશન અન્વયે નીચે મુજબ પગલા તાત્કાલિક અસરથી અમલમાં મુકવામાં આવે છે.

૧. રાજયના તમામ જિમ્નેશિયમ, વોટરપાર્ક, ઓડીટોરીયમ, એમ્યુઝમેન્ટ પાર્ક, પાર્ટી પ્લોટ, મેરેજ હોલ, લગ્ન વાડી, ગેમ ઝોન, રીક્રીએશનલ ક્લબ તાત્કાલિક અસરથી સંપુર્ણપણે તા.૩૧/03/૨૦૨૦ સુધી બંધ રાખવાના રહેશે.

૨. રાજ્યમાં ખાનગી પ્રેક્ટીસ કરતાં તમામ મેડીકલ, હોમિયોપેથિક, આયુર્વેદીક દવાખાના, ખાનગી હોસ્પિટલોમાં કોરોના લક્ષણો ધરાવતો કોઇ પણ શંકાસ્પદ દર્દી જણાય કે કોરોના સબંધિત રીપોર્ટ પોઝીટીવ આવે તો રાજ્ય સરકારમાં હેલ્પલાઈન નં. ૧૦૪, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (સી.ડી.એચ.ઓ), અધિક નિયામકશ્રી(જાહેર આરોગ્ય) કે નજીકની મેડીકલ હોસ્પિટલના તબીબને તેની તુર્તજ જાણ કરવાની રહેશે. ઉપરોક્ત સુચનાઓનું તાત્કાલિક અસરથી ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે,

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.કુરેશી)
સંયુક્ત સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીનાઅગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન,રા.ક. મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગસચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,મહેસુલ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગસચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય),કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(પ.ક.) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(આરોગ્ય) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(તબીબી) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(ત.શિ.) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથી, પધ્ધતિ,૧,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, તબીબી સેવાઓ કામદાર રાજ્ય વિમા યોજના,ઇન્કમટેક્ષ ઓફિસ સામે આશ્રમરોડ, અમદાવાદ..
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય,બ્લોક નં. ૧૯ ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. આ બાબતની રાજ્યમાં બહોળી પ્રસિધ્ધિ અર્થે.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી/ ઉપસચિવશ્રી
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦.